# પત્રક ભાગ-૨

# ચૌદમી ગુજરાત વિધાનસભા

## ગુરૂવાર, તા.૧૬/૦૮/૨૦૧૮

## ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ

ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો મંગળવાર, તા.૧૮મી સપ્ટેમ્બર-૨૦૧૮ અને બુધવાર તા.૧૯મી સપ્ટેમ્બર-૨૦૧૮નો કાર્યક્રમ માનનીય અધ્યક્ષશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો ઠરાવ્યો છે.

માનનીય મંત્રીશ્રીના નામ સામે આસન-૨માં જે તારીખ દર્શાવી છે તે તારીખે સંબંધકર્તા મંત્રીશ્રી ગૃહમાં પ્રશ્નોના જવાબ આપશે. આ માટેના પ્રશ્નોની સૂચના વહેલામાં વહેલી કઇ તારીખે અને મોડામાં મોડી કઇ તારીખે આ સચિવાલયને મળવી જોઇએ તે તારીખ અનુક્રમે આસન-૩ અને આસન-૪ માં દર્શાવી છે.

**જે મંત્રીશ્રીને સંબોધીને પ્રશ્ન પૂછવાનો હોય તેમનો સત્તાવાર હોદ્દો અને જવાબ મેળવવાની ચોકકસ તારીખ જે સૂચનામાં દર્શાવવામાં નહીં આવી હોય તેવી સૂચના વિચારણામાં લેવાનું શકય બનશે નહીં.**

વધુમાં ઠરાવેલ દિવસના પ્રશ્નો સંબંધમાં સભ્યોનો અગ્રતાક્રમ નકકી કરવા માટેનું બેલટ અગાઉના અઠવાડિયાના તે જ દિવસે બપોરના ૨-૦૦ કલાકે પ્રશ્ન શાખાનું કામ સંભાળતા ઉપસચિવશ્રી દિનેશ ચૌધરી ના ખંડમાં યોજવામાં આવશે. જો તે દિવસ રજાનો હશે તો બેલટ તેના અગાઉના કામકાજના દિવસે યોજવામાં આવશે.

માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના મોકલતી વખતે આ બાબતો અંગે કાળજી રાખશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

## <u>પ રિ શિ ષ્ટ</u>

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | **જૂથ-૧** | | |
| ૧. શ્રી વિજયભાઇ રમણીકલાલ રૂપાણી, માનનીય મુખ્યમંત્રીશ્રી:<br>(સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, ક્લાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેક્નોલોજી, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો)<br>૨. શ્રી નીતિનભાઇ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી:<br>(નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના)<br>૩. શ્રી રણછોડભાઇ ચનાભાઇ ફળદુ:<br>(કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્યોદ્યોગ, વાહન વ્યવહાર)<br>૪. શ્રી સૌરભ પટેલ:<br>(ઊર્જા)<br>૫. શ્રી જયેશ રાદડીયા:<br>(અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી)<br>૬. શ્રી કુંવરજીભાઇ બાવળીયા:<br>(પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ)<br>૭. શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા:<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)<br>(પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકૉલ)<br>૮. શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ:<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)<br>(જળસંપત્તિ) | મંગળવાર,<br>તા.૧૮/૦૯/૨૦૧૮ | -------- | *ગુરૂવાર,<br>તા.૨૩/૦૮/૨૦૧૮ |

**૯.શ્રી ઇશ્વરસિંહ ઠાકોરભાઇ પટેલ:**

**(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)**

(સહકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ)

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

**જૂથ-૨**

| | | | |
|---|---|---|---|
| **૧. શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા:** (શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ),ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,કાયદો અને ન્યાયતંત્ર,વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ-સંવર્ધન, નાગરિક ઉડ્ડયન)<br>**૨. શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ:** (મહેસૂલ)<br>**૩. શ્રી ગણપતભાઇ વેસ્તાભાઇ વસાવા:** (આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ)<br>**૪. શ્રી દિલીપકુમાર વિરાજી ઠાકોર:** (શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ)<br>**૫. શ્રી ઇશ્વરભાઇ રમણભાઇ પરમાર:** (સામાજિક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત))<br>**૬. શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર:** (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો) (પંચાયત, પર્યાવરણ) | બુધવાર, તા.૧૯/૦૯/૨૦૧૮ | --------- | *ગુરૂવાર, તા.૨૩/૦૮/૨૦૧૮ |

***** ચૌદમી ગુજરાત વિધાનસભાનું બીજુ સત્ર ટૂંકી મુદતથી બોલાવવામાં આવ્યું હોવાથી જૂથ ૧ અને ૨ ના વારા માટે તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મોડામાં મોડી કઇ તારીખ સુધીમાં આ સચિવાલયને પહોંચતી કરી શકાય તે માટેની મુદતમાં માનનીય અધ્યક્ષશ્રીએ છૂટછાટ મૂકીને ગુરૂવાર, તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ નકકી કરેલ છે.

*****************************